# અદાણી ઈલેક્ટ્રિસિટી દ્વારા ફરીથી કાર્યક્ષમ સીલિંગ ફેન કાર્યક્રમ

નવગુજરાત સમય > અમદાવાદ

ગયા વર્ષના ઊર્જા બચત સીલિંગ ફેન પ્રોગ્રામની સફળતા પછી એઈએમએલ દ્વારા આ વર્ષે નિવાસી ગ્રાહકો માટે ફરીથી તે રિલોન્ચ કરાયો છે. આ ફેન્સ ગ્રાહકોને વીજ બિલની દૃષ્ટિએ મહત્તમ બચત કરાવશે, કારણ કે સીલિંગ ફેન સરેરાશ કરતાં 60 ટકા ઓછો વીજ વપરાશ કરે છે. છેલ્લા ત્રણ કાર્યક્રમમાં અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડે 25,000 ઊર્જા કાર્યક્ષમ 5 સ્ટાર સીલિંગ ફેન્સ અને 6500 રેફ્રિજરેટરો તેના નિવાસી ગ્રાહકોને સબસિડીના ખર્ચે વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ વર્ષે કંપની લગભગ 50,000 સીલિંગફેન્સ સાથે મોટે પાયે આ પહેલ ફરીથી રજૂ કરી રહી છે.

કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે, ઊર્જા બચતને પ્રમોટ કરવા અને સક્ષમ ઉપભોગ વધારવા માટે યુટિલિટી કંપનીએ આ પહેલને વધુ વિસ્તારી છે. ઊર્જા બચત ઉપકરણોનો ખર્ચ બજારમાં વધુ હોવાથીએઈએમએલ દ્વારા ખરીદી પર 25- 30 ટકાના રિબેટ્સ આપીને તેને વધુ પહોંચક્ષમ બનાવવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ તેના વિતરણ ક્ષેત્રના બધા અદાણી ઈલેક્ટ્રિસિટી નિવાસી ગ્રાહકોને ઉપલબ્ધ કરાશે. એઈએમએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, પ્રોગ્રામ ઊર્જા બચત કરવાની ઉચ્ચ સંભાવના ધરાવે છે, કારણ કે સીલિંગ ફેન દરેક પરિવારમાં સરેરાશ દિવસમાં 10-12 કલાક સુધી ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપકરણો ખરીદી કરીને ગ્રાહકોને આર્થિક લાભ મળવા સાથે તેઓ કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં પણ યોગદાન આપશે. ગ્રાહકોએ ગત સીલિંગ ફેન્સ પ્રોગ્રામમાંથી એકત્રિત રીતે 7.5 એમયુની બચત કરી છે અને અમે આ વર્ષે બચતોને ઓર વધારવા માગીએ છીએ.